| MGVCL | મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,<br>સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા –૩૯૦૦૦૭.<br>CIN :U40102GJ2003SGC042907<br>ફેક્સ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪<br>ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦<br>ઈમેઈલ: cetech.mgvcl@gebmail.com<br>ઈમેઈલ: ceproj.mgvcl@gebmail.com | G20 भारत 2023 INDIA |
|---|---|---|

## ❖ <u>ખેતી વિષયક વીજ જોડાણો</u>

### ❖ અનુસૂચિત જાતિ યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ:

હાલના ધોરણે સમગ્ર રાજ્યમાં **<u>અનુસુચિત જાતિના લાભાર્થીઓ</u>** માટે સદર ખેતીવિષયક વીજળીકરણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

જે અન્વયે અરજદારશ્રીઓ દ્વારા નીચે મુજબની તકેદારી રાખી અરજી કરવાની રહે છે; હાલમાં અરજી ઓનલાઈન માધ્યમ દ્વારા નોંધણી કરવામાં આવેલ છે.

૧. અરજદાર દ્વારા અનુસુચિત જાતિનું પ્રમાણ-પત્ર રજુ કરવાનું રહેશે.
૨. અરજદાર દ્વારા જમીનને લગતા જરૂરી દસ્તાવેજો રજુ કરવાના રહેશે. દા.ત. ૭/૧૨ , ૮-અ , હક્કપત્રક.
૩. સદર યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા નક્કી કરેલ લક્ષ્યાંકો મુજબ અગ્રતા ક્રમે લાભાર્થીઓને વીજ જોડાણ આપવા માટેની કામગીરી કરવામાં આવે છે.
૪. ડાર્કઝોન વિસ્તારમાં નોંધાયેલ અરજદાર દ્વારા ડાર્કઝોન યોજનાના ધારા-ધોરણ મુજબ સુક્ષ્મ પિયત પધ્ધતિ સ્વીકારવાની રહેશે.
૫. સદર યોજના હેઠળ લાઇન ચાર્જિસ એટલેકે, ભારે દબાણ (એચટી) તેમજ હલકા દબાણ (એલ ટી) લાઇન, વીજ ટ્રાન્સફોર્મર સેન્ટર તેમજ સર્વીસ કનેકશનની કિંમત લાભાર્થીઓ પાસેથી વસુલવામાં આવતી નથી.
૬. સીક્યુરીટી ડીપોઝીટ, એગ્રીમેન્ટ ફી, ટેસ્ટ રીપોર્ટ ફીનો ખર્ચ અરજદારે ભરપાઇ કરવાનો રહેશે.